### સરદાર વલ્લભભભાઈ પટેલને ભાવાંજલી આપવા

# સૌરાષ્ટ્રમાં એકતાયાત્રાનું પ્રસ્થાન ગામે ગામે રથ પરિભ્રમણ કરશે

## જામનગર, જૂનાગઢ, મોરબી, પોરબંદરથી યાત્રાને રવાના

P.13 સંદેશ. 21.10.18

રાજકોટ: સરદાર વલ્લભભાઈ પટેલનો દેશની એકતા-અંખડિતાતાનો ભાવ જન-જનમાં જાગૃત કરવા રાજ્યના ૫ હજાર ગામોમાં પ્રથમ તબક્કાની એકતાયાત્રાનો શુભારંભ થયો હતો.

જૂનાગઢ : સરદાર પટેલને ભાવાંજલી આપવા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડીટોરીયમ ખાતેથી મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના અધ્યક્ષ ધનસુખભાઈ ભંડેરીએ એકતાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ એકતા યાત્રા સરદાર પટેલને ભાવાંજલી આપવા જૂનાગઢ જિલ્લામાં ૪ મહાનગર કક્ષાએ અને ૩૬ ગ્રામકક્ષાએ ભ્રમણ કરશે. આ તકે કલેક્ટર ડો.સૌરભ પારઘી, મેયર આદ્યશક્તિબેન મજમુદાર, મ્યુ.કમિશનર સોલંકી હાજર રહ્યા હતા.

જામનગર જીલ્લામાં પણ ફરનારી છે.જે માટે એક પ્રસ્થાન સમારોહ જીલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવ્યો હતો.આ સમારોહમાં કેબીનેટ મંત્રી આર.સી.ફળદુ,સાંસદ પુનમબેન માડમ,મેયર હસમુખભાઈ જેઠવા,કલેક્ટર રવિશંકર,ઉપસ્થિત રહ્યા હતાં.એકતા યાત્રા જીલ્લામાં ૨૦થી ૨૯ દરમ્યાન ફરશે.જામનગર શહેરમાં એકતા યાત્રા તા.૧૫થી૧૮ નવેમ્બર દરમ્યાન ફરશે.

ખંભાળિયાની નવીવાડી પ્રાથમિક શાળા ખાતેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાયાત્રાનો ગ્રામગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન મુળુભાઈ બેરાએ પ્રસ્થાન કરાવ્યું હતુ. પ્રથમ તબકકામાં ખંભાળિયા અને ભાણવડના ૮૩ ગામોમા રથ ફરશે.

મોરબીના ત્રાજપર પાસેથી સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદા અમલીકરણ સમિતીના કાર્યાવાહક અધ્યક્ષ આઈ.કે.જાડેજાના હસ્તે એકતા રથયાત્રાનું પ્રસ્થાન કરાયુ હતુ. પ્રથમ ચરણમાં તા.૨૦ થી ૨૪ સુધી યાત્રા મોરબી નગરપાલિકા વિસ્તાર સહિત તાલુકાના ૫૧ ગામોમાં ફરશે.

પોરબંદરથી મેઘજીભાઈ કણઝારીયાએ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતુ. યાત્રા જિલ્લાના ૮૯ ગામોમાં ફરશે.

તાલાલા પંથકના સોળ ગામમાં તા.૨૨, ૨૩ એકતા યાત્રા ફરશે. તાલુકાના ગુંદરણ ગીર ગામે રાતે જાહેર સભા સાથે યાત્રા રાત્રી રોકાણ કરશે.

ગીર સોમનાથ જિલ્લામાં એકતા યાત્રાનું પ્રસ્થાન વેરાવળથી બીજ નિગમના ચેરમેન રાજશીભાઈ જોટવાએ કરાવ્યું હતુ.